Happy New Year 2016 Welcome

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૧ | ૧ જાન્યુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





નવા વર્ષના વધામણા - વિશ્વભરમાં વર્ષ-૨૦૧૬ની ઉલ્લાસપૂર્વક આતશબાજીથી વધામણી કરાઈ હતી... વિશ્વના મોટા-મોટા શહેરોમાં બરાબર બારના ટકોરે નાગરિકો માર્ગો પર આવી ગયા હતા અને ચીચીયારીઓ દ્વારા નવા વર્ષને વધાવ્યું હતું... રોશનીથી શહેરી વિસ્તારો ઝળહળી ઉઠ્યા હતા અને ૩૧મી સમગ્ર રાત વિશ્વની પ્રજા ડાન્સ દ્વારા આનંદ - ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો... વિશ્વના મોટા શહેરોમાં આતશબાજીએ આકર્ષણ જમાવ્યું હતું. નવા વર્ષની વધામણીમાં નાચ-ગાન સાથે ૨૦૧૬ના આગમનને ચીયરઅપ કર્યું હતું....

## દિલ્હી-મેરઠ હાઈવેનો શિલાન્યાસ

**નવા વર્ષની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટી ભેંટ આપી : ઉત્તરાખંડની સાથે સાથે તમામને રાહત થશે : સરકારની યોજના રોજગારીને પ્રાથમિકતા આપવાની અને વિકાસને નવી ઉંચાઈ પર લઈ જવાની છે : મોદી**




નોઈડા,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હી-મેરઠ હાઈવેનું શિલાન્યાસ કર્યું હતું. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, વિકાસરથ આજ રીતે ઝડપથી આગળ વધશે. માર્ગો સાથે જોડવાનો મતલબ વિકાસ સાથે જોડવાનો છે. અમે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા આપવામાં આવેલી ગતિને આગળ વધારી રહ્યા છે. હાઈવે સાથે જોડાઈને ગામોના વિકાસ થાય છે. આ રસ્તો વિકાસનો રસ્તો છે. આનાથી ઉત્તરાખંડનો વિકાસ થશે. આ પ્રસંગે તેમની સાથેકેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને મહેશ શર્મા પણ હતા. મોદીએ કહ્યું હતું કે, અમારા સ્વભાવ સંકટને તકમાં ફેરવી નાંખવાના છે. આનાથી ઉત્તરાખંડનો વિકાસ થશે. ટ્યુરિઝમમાં પણ આ હાઈવે બની ગયા બાદ વધારો થશે. અમારી યોજના ગરીબોને રોજગાર આપવાની છે. અમારી યોજના નદીઓ સાથે જોડવાની પણ છે. આ માર્ગ બની ગયા બાદ મેરઠથી દિલ્હી માત્ર ૪૦ મિનટમાં પહોંચી શકાશે.

૭૫૬૬ કરોડના રૂપિયાના ખર્ચથી ૭૪ કિમી લાંબા ૧૪ લેનના દિલ્હી-દાસના-મેરઠ સુપર હાઈવે

● અનુસંધાન પાન-૭ પર

## નવા વર્ષની ભેટ : પેટ્રોલ-ડીઝલમાં ભાવ ઘટાડો

**પેટ્રોલની કિંમતમાં ૬૩ પૈસા, ડિઝલમાં ૧.૦૬નો ફરી કાપ**

નવીદિલ્હી,તા. ૩૧

નવા વર્ષની શરૂઆત પહેલા દેશભરના લોકોને રાહત મળે તેવા ઘટનાક્રમમાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં ૬૩ પૈસા અને ડિઝલની કિંમતમાં ૧.૦૬ રૂપિયાનો ઘટાડો કરી દીધો છે. ગુજરાતમાં વેટને ગણવામાં આળે તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં તમામ લોકોને રાહત વધારે મળશે. ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયા બાદ આનો ફાયદો ગ્રાહકોને આપીને લોકોને રાહત આપવાનો નિર્ણય કરાયો છે. આજે યોજાયેલી બેઠકમાં કિંમતોની સમીક્ષા કર્યા બાદ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય ૦.૬૩ પૈસા અને ડિઝલમાં ૧.૦૬ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કિંમતો તરત અમલી બનશે. ડિસેમ્બર મહિનાના અંત સુધી ક્રૂડની કિંમત ૩૪ ડોલરની સપાટીએ પહોંચી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજ પહેલા પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૧૫મી ડિસેમ્બરના દિવસે વેટ અને સેલ ટેક્સ સિવાય લિટર દીઠ ૫૦ પૈસા અને ૪૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ ક્રિસમસ ઉપર સામાન્ય નાગરીકોને આંશિક રાહત મળી ગઈ હતી. ઓઈલ કંપનીઓએ વૈશ્વિક તેલ કિંમતોમાં થઈ રહેલા ફેરફારની નોંધ લીધી હતી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જે હાલમાં દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની છે તેના દ્વારા આ અંગેની જાહેરાત કરાઈ છે. ઈન્ડસ્ટ્રી અધિકારીઓનું કહેવું છે કે આ બન્નેની કિંમતમાં ફેરફારની સીધી અસર જોવા મળશે.

## તલાટીની ૨૪૮૦ જગ્યા માટે સવા બાર લાખ ઉમેદવારો

**ગૌણ સેવા મંડળ માટે આ સ્પર્ધાત્મક પરીક્ષા લેવી મોટી ચેલેન્જ રૂપ સાબિત થશે**

ગાંધીનગર, તા.૩૧

હમારી બેરોજગારી કા અંદાજ તુમ કયા લગાઓગે ગાલીબ... હમ તો કબરસ્તાન સે ગુજરતે હૈ તો મુર્દે ભી ઉઠકર બોલતે હૈ... તલાટીનું ફોર્મ ભર્યું..? બસ આવા જ ગુજરાતના ભણેલા ગણેલા યુવા બેરોજગારોએ કુલ ૨૪૮૦ રેવન્યુ તલાટીની જગ્યા માટે રાજયભરમાંથી ૧૨ લાખ જેટલા ફોર્મ ભરાયા છે. એક સાથે એક દિવસે અને એક જ સમયે ૧૨ લાખ ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવી એ પણ મંડળ માટે મોટી ચેલેન્જ સાબિત થશે.

બે વર્ષ અગાઉ બનેલા રેવન્યુ તલાટી કૌભાંડના પડઘમ શાંત થતા રાજય સરકારે વિવાદિત સંપૂર્ણ તલાટી ભરતી પ્રક્રિયા રદ કરી નવેસરથી ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો જે બાદ ૨૦૧૫ ડિસેમ્બર માસમાં જૂની ૧૫૦૦ અને નવી ૯૮૦ જગ્યાઓ મળી કુલ ૨૪૮૦ તલાટીની ભરતી માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી જેના તા. ૧૬મી ડિસેમ્બરથી ઓનલાઈન ઓજસની વેબસાઈટ પર ફોર્મ ભરાવવાની શરૂઆત થઈ હતી અને

● અનુસંધાન પાન-૭ પર

## સિવિલના નવા સંકુલના સાતમા-આઠમા માળે સમયસર પાણી પુરવઠો આપવા તાકીદ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં પાણી પુરવઠો સમયસર મળે તેમજ સોલર હીટર સિસ્ટમને ઝડપથી કાર્યરત કરવાની તાકીદ આજે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. બિપીનભાઈ નાયકે કરી છે.

નવા સંકુલના સાતમા અને આઠમા મજલાનો રાઉન્ડ લેતાં ડૉ. નાયકે આજે પી.આઈ.યુ.ના અધિકારીઓને આ તાકીદ કરી છે એટલું જ નહિ જે નળ ચોરાઈ ગયા છે ત્યાં નવા નળ લગાવવા તેમજ સ્વચ્છતાના મુદ્દે પણ તીખી ટકોર કરતાં નિયમિત સફાઈનો આગ્રહ રાખ્યો હતો.

બે માળ તેમજ ધાબાની મુલાકાત લેતા આજે સિવિલના અધિકારીઓને બે કલાકનો સમય લાગ્યો હતો અને નાનામાં નાની ફરિયાદને પણ ગંભીરતાથી લઈ તેને ઉકેલવા માટેની સૂચનાઓ આપી હતી.

સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા આજે રાઉન્ડ લેવાયો ત્યારે તેમની સાથે આર.એમ.ઓ., એસ.આઈ., પી.આઈ.યુ.ના અધિકારીઓ અને મહેકમાના અધિકારીઓ પણ જોડાયા હતા.

મળતી વિગતો પ્રમાણે ચાર દિવસ સુધી આ અભિયાન ચાલશે. આજે સ્વચ્છતા મુદ્દે તેમણે કરેલી

● અનુસંધાન પાન-૭ પર










